જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


તા.૧૨/૦૮/૨૦૧૯ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૫૫/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૪૨ વ્યક્તિઓને ઝડપી, ૧૩૩ લીટર દેશી દારૂ, ૩૬૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૨ બોટલ બીયર, ૦૧ સ્કુટર અને ૦૧ ટ્રક કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧૨ કેસ કરી, ૭૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૩,૦૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૫૬/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓને અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

### વીજ કરંટ લાગતા મૃત્યુ :- સમાચાર યાદી નં.૧૩૫૭/૧૯

**જી.આઇ.ડી.સી. વટવા** : સાયમન સીંગવીર થાપા (ઉ.વ.૨૭)(રહે.નવી વસાહત ભુરાભાઇ રબારીના મકાનમાં જશોદાનગર જી.આઇ.ડી.સી. વટવા) તા.૧૦/૦૮/૨૦૧૯ બપોરના કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે વટવા જીઆઇડીસી ફેઝ-૪, પ્લોટ નંબર-૩૪૨૮ માં આવેલ "એસ.એમ.એન્ટરપ્રાઇઝ નામની કંપનીમાં કામ કરતી વખતે પોલીસીન મશીનનો પંખો બંધ કરવા જતા વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને સિવીલ હોસ્પીટલમાં લઇ જતા ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે જી.આઇ.ડી.સી.વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.સી.જાડેજા ચલાવે છે.

### આત્મહત્યા :- સમાચાર યાદી નં.૧૩૫૮/૧૯

**રીવરફ્રન્ટ વેસ્ટ** : જયેશભાઇ મણિલાલ વાઘેલા (ઉ.વ.૨૧)(રહે.નીલકંઠ સોસાયટી હરેકૃષ્ણ સોસાયટી સૌજન્ય સોસાયટીની બાજુમાં સી.ટી.એમ કેનાલ, રામોલ) એ બીમારીથી કંટાળી જઇ તા.૧૧/૦૮/૨૦૧૯ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે સાબરમતી રીવરફ્રન્ટ વોક-વે પશ્ચિમના ભાગે ઇવેન્ટ સેન્ટર ની પાછળ સીડી નં-૪૫ સામે સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી છે. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જગદીશચંન્દ્ર આત્મારામ ચલાવે છે.

**ઇસનપુર** : પ્રફુલભાઇ મંગળભાઇ પટેલ (ઉ.વ.૪૦)(રહે.જયકિશન સોસાયટી, રામવાડી ઝોનલ ઓફીસ સામે ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૮/૨૦૧૯ સાંજના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હિંચકાના હુકમા નાયલોનની કપડા સુકવવાની દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે ઇસનપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

**નારોલ** : અરવિંદભાઇ રામપ્રસાદ વર્મા (ઉ.વ.૨૩)(રહે.સૈજપુરા ગોપાલપુર ગામ, બળીયાબાપાના મંદીર પાસે નારોલ) એ અગમ્ય કારણોસર તા.૧૦/૦૮/૨૦૧૯ સાંજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે કપડુ બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિંહ સવસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.